### ગોવા, મહારાષ્ટ્ર, કર્ણાટકની જેમ ટૂરિસ્ટને ઘરમાં રાખી કમાણી કરો

# ‘અતિથિ દેવો ભવઃ’ ગુજરાતની અનોખી હોમસ્ટે પોલિસી જાહેર

■ **પ્રવાસન નિગમ ક્લિયરન્સ આપે તે પરિવારો ટેક્સ માફી સાથે કમાઇ શકશે**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં પણ હવેથી ગુજરાતી પરિવારો પણ ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટક, કેરાલાની જેમ દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓને પોતાના ઘરમાં રોકાણ આપીને નવા પ્રકારની ઈન્કમ ઉભી કરી શકશે. પ્રવાસીઓને ગુજરાતમાં સસ્તા, સ્વચ્છ અને પારિવારિક વાતાવરણમાં ટુરિસ્ટ પેકેજથી આવકારવા રાજ્યના પ્રવાસન વિભાગે ‘હોમસ્ટે આવાસ’ યોજનાને સમાવતી પોલીસી લોન્ચ કરી છે. પ્રવાસન મંત્રી સૌરભ પટેલે હોમસ્ટે આવાસ યોજના અંતર્ગત પોલીસીની જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ કે, આ યોજના રાજ્યના તમામ વિસ્તારોમાં લાગુ પડશે તેના માટે હોટેલ ઈન્ડ્સ્ટ્રીઝની તુલનાએ વીજળી, મ્યુનિસિપલ ટેક્સ, પ્રોપર્ટી ટેક્સથી લઈને લકઝરી ટેક્ષ, વેટમાં રાહત આપવામાં આવી છે. હોમસ્ટે આવાસ માટે પ્રવાસન વિભાગે કેટલાક નિયમો નક્કી કર્યા છે. તેના આધારે પ્રવાસન નિગમ ક્લિયરન્સ આપશે તે રહેણાંક મકાનમાં પરિવારની સાથે પ્રવાસીઓનું રોકાણ શક્ય બનશે. ગુજરાતમાં ૨૦૧૩-૧૪માં અંદાજે ૨.૮ કરોડથી પણ વધારે પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. દરવર્ષે તેમાં ૧૩.૩ ટકા જેટલો વધારો થાય છે.



## હોમસ્ટેમાં કોને કેવી રીતે લાભ મળશે ?

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ ટૂંક જ સમયમાં હોમસ્ટે આવાસ યોજનાથી પોતાના રહેણાંક મકાનમાં પ્રવાસીઓને આવકારવા માટે વેબસાઇટ ઉપર ઓનલાઇન એપ્લીકેશન મંગાવશે. તેમાંથી જે પરિવાર પાસે હોટલ જેવા ફર્નિચર સાથેની સવગડો હશે તેમના મકાનોની પસંદગી કરવામાં આવશે. આવા મકાનો રહેણાંક હોવા જોઇએ. તેમાં પરિવાર રહેતુ હોવુ જોઇએ. પરિવારના સભ્યોને પુરતા રૂમ ઉપરાંત વધારાના રૂમ હોવા જોઇએ. આવા રહેણાંક મકાનોમાં હોમસ્ટે માટે ૧થી ૬ રૂમ માટે પરમિટ અપાશે. તેના ધોરણો ગોલ્ડન અને સિલ્વર એમ બે રીતે વર્ગીકૃત થશે. જમવા, બ્રેકફાસ્ટ સાથેની હોસ્પિટાલિટી માટે વિસ્તાર પ્રમાણે દર પણ નક્કી થશે. તેના માટે વેબસાઇટ પણ ડેવલપ થશે. સામાન્ય હોટલની જેમ ટુરિસ્ટનું પોલીસ રજીસ્ટ્રેશન માટેનો રેકર્ડ હોમસ્ટે ઓનરને પણ નિભાવવો પડશે.

## વાઇબ્રન્ટ સમિટના ગેસ્ટને ‘હોમસ્ટે’માં રોકાણ કરાશે

વાઇબ્રન્ટ સમિટ અને તે પહેલા યોજનારા એનઆરઆઇ સંમેલનમાં ગુજરાત આવનારા મહેમાનોના રોકાણ અને આતિથ્ય સરભરા માટે હોમસ્ટે આવાસ યોજનાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. જેથી સરકાર અને વિદેશી આવનારા મહેમાનોને ઉંચી હોટલના ખર્ચમાંથી મુક્તિ મળશે, બીજી તરફ વિદેશી પ્રવાસીઓને ગુજરાતી કલ્ચરને નજીકથી જાણવાનો અવસર ઉપલબ્ધ થશે.